# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 01-07-2026 EVENING: 7.50 TO 8.00

Day: WEDNESDAY NATIONAL NEWS

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં બે માર્ગ પરિયોજનાને મંજૂરી આપી
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ યુવાનોને સમર્પણ, અખંડિતતા અને મજબૂત નૈતિક મૂલ્યો સાથે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા હાકલ કરી.
3) ભારત અને પાકિસ્તાને એકબીજાની કસ્ટડીમાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાનપ્રદાન કર્યું
4) ભારત અને મલેશિયાએ નવી દિલ્હીમાં દ્વિપક્ષીય લશ્કરી સહયોગના પાસાઓની સમીક્ષા કરી
5) પુરુષ ક્રિકેટમાં, આજે 5 મેચની શ્રેણીની પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET BRIEFING

કેન્દ્ર સરકારે આજે દિલ્હીમાં દ્વારકા એક્સપ્રેસવેને નેલ્સન મંડેલા માર્ગના વસંત કુંજ સાથે જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ -148**AE** માટે 6 માર્ગીય સુરંગના બાંધકામને મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે 8 કિલોમીટરનો આ પ્રોજેક્ટ 6 હજાર 969 કરોડ રૂપિયાથી વધુના કુલ ખર્ચ સાથે વિકસાવાશે.

(બાઇટ : **ASHWINI-PROJECT-**1)

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે ઉત્તર પ્રદેશમાં 7 હજાર 145 કરોડ રૂપિયાના ખર્ચે કાનપુર-કાબરાઈ સેક્શનના બાંધકામને પણ મંજૂરી આપી છે.

(બાઇટ : **ASHWINI-PROJECT-**2)

તેમણે ઉમેર્યું, આ પરિયોજનાથી કોરિડોર કાનપુર અને કાબરાઈ વચ્ચેનો મુસાફરીનો સમય સાડા ત્રણ કલાકથી ઘટાડીને દોઢ કલાક કરશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે આ પ્રોજેક્ટ આશરે 1.2 કરોડ માનવ-દિવસનું સર્જન કરશે.

# PREZ - BHARAT VISION 2047

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે યુવાનોને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે સમર્પણ, અખંડિતતા અને મજબૂત નૈતિક મૂલ્યો સાથે શ્રેષ્ઠતા હાંસલ કરવા હાકલ કરી છે. મુખ્ય અતિથિ તરીકે અનંતપુર ખાતે આંધ્ર પ્રદેશ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના પ્રથમ પદવીદાન સમારંભને સંબોધતા રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, યુવાનોની ઊર્જા, પ્રતિભા અને પ્રતિબદ્ધતા સર્વસમાવેશક અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

શ્રીમતી મુર્મુએ સ્નાતક અને અનુસ્નાતક કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરનારા એક હજાર 268 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી અને 56 વિદ્યાર્થીઓને તેમના ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન બદલ સુવર્ણ ચંદ્રક એનાયત કર્યા.

# SHAH- HIGH LEVEL COMMITTEE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વસ્તી વિષયક ફેરફારો અંગેની ઉચ્ચ-સ્તરીય સમિતિને વહેલી તકે તેમની ભલામણો રજૂ કરવા જણાવ્યું છે. શ્રી શાહે નવી દિલ્હીમાં સમિતિ સાથેની બેઠક દરમિયાન આ નિર્દેશ આપ્યો. સમિતિએ ગૃહમંત્રીને માહિતી આપી કે તેઓ વસ્તી વિષયક ફેરફારો અંગે પ્રત્યક્ષ માહિતી મેળવવા અને વિવિધ વહીવટીતંત્રો સાથે વાતચીત કરવા માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લેશે. તેઓ વસ્તી વિષયક ફેરફારો સંબંધિત મુદ્દાઓ પર પ્રતિસાદ મેળવવા માટે કેન્દ્ર સરકારના મંત્રાલયો સાથે પણ પરામર્શ કરશે.

સમિતિએ ગૃહમંત્રીને માહિતી આપી હતી કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી અગાઉથી સંબંધિત માહિતી મેળવવા માટે એક વિગતવાર પ્રશ્નાવલી તૈયાર કરાઇ છે, જેનાથી તેમની ક્ષેત્ર મુલાકાતો વધુ અર્થપૂર્ણ અને ઇન્ટરેક્ટિવ બને.

# SITHARAMAN FRANCE VISIT

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આજે ફ્રાન્સના ચાર દિવસના પ્રવાસે રવાના થયા છે. નાણા મંત્રાલયે માહિતી આપી છે કે શ્રીમતી સીતારમણ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા, આર્થિક સહયોગ વધારવા અને રોકાણ, ટેકનોલોજી સહયોગ તેમજ નવીનતાને પ્રોત્સાહન આપવાના હેતુથી ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય કાર્યક્રમોની શ્રેણીમાં ભાગ લેશે. તેઓ એક્સ-એન-પ્રોવેન્સ ખાતે તેમના ફ્રેન્ચ સમકક્ષ રોલેન્ડ લેસ્ક્યુર સાથે ભારત-ફ્રાન્સ આર્થિક અને નાણાકીય સંવાદની સહ-અધ્યક્ષતા પણ કરશે.

# GST 9 YEARS

વસ્તુ અને સેવા કર-GST એ છેલ્લા નવ વર્ષમાં એક ભારત-શ્રેષ્ઠ ભારતના ભારતના વિઝનને મજબૂત બનાવ્યું છે. તેણે તર્કસંગત કર દરો અને પ્રમાણિત પ્રક્રિયાઓ દ્વારા પારદર્શિતા, જવાબદારી અને આર્થિક વૃદ્ધિ લાવી છે.

પહેલી જુલાઈ, 2017ના રોજ શરૂ થયેલી ભારતની કર સુધારા યાત્રા એક ઐતિહાસિક સિદ્ધિ તરીકે ઓળખાય છે. આ દિવસ એક સરળ, વધુ પારદર્શક અને સંકલિત પરોક્ષ કર પ્રણાલી બનાવવા માટે ભારતના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. GST એ 17 અલગ અલગ કર અને 13 સેસને એક સામાન્ય માળખામાં સમાવી લીધા. 2025 ના આગામી પેઢીના GST સુધારાઓએ નીચા દરો, મુક્તિઓ અને સરળ પ્રક્રિયાઓ દ્વારા માળખાને વધુ સરળ બનાવ્યું.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# INDIA PAK PRISONERS

ભારત અને પાકિસ્તાને આજે નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં રાજદ્વારી માધ્યમો દ્વારા એકબીજાની કસ્ટડીમાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાનપ્રદાન કર્યું. વર્ષ 2008માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કોન્સ્યુલર એક્સેસ કરારની જોગવાઈઓ હેઠળ દર વર્ષે પહેલી  જાન્યુઆરી અને પહેલી  જુલાઈના રોજ આવી યાદીઓનું આદાનપ્રદાન કરવામાં આવે છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતે તેની કસ્ટડીમાં રહેલા પાકિસ્તાનના 386 નાગરિક કેદીઓ અને 53 માછીમારોની યાદી પાકિસ્તાનને સોંપી છે. પાકિસ્તાને તેની કસ્ટડીમાં રહેલા 52 નાગરિક કેદીઓ અને 198 માછીમારોની યાદી ભારતને સુપરત કરી છે.

# PC - PP CHAUDHARY

એક રાષ્ટ્ર, એક ચૂંટણી પરની સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષ પી પી ચૌધરીએ આજે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે એકસાથે ચૂંટણીઓ યોજવાથી શાસન મજબૂત થશે, વારંવાર મતદાનને કારણે થતા વિક્ષેપોમાં ઘટાડો થશે અને અર્થતંત્રને ફાયદો થશે. શ્રી ચૌધરીએ કહ્યું કે એકસાથે ચૂંટણીનો ખ્યાલ નવો નથી અને ચૂંટણી પંચ, કાયદા પંચ અને અન્ય નિષ્ણાત સંસ્થાઓ દ્વારા વર્ષોથી તેની ભલામણ કરવામાં આવી છે.

# DEFENCE-MALAYSIA MEET

ભારત અને મલેશિયાએ આજે નવી દિલ્હીમાં 12મી સબ કમિટીની બેઠક દરમિયાન દ્વિપક્ષીય લશ્કરી સહયોગના સમગ્ર પાસાઓની સમીક્ષા કરી. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સુરક્ષા અને નૌકાવહનની સ્વતંત્રતા પ્રત્યે સહિયારી પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી. લશ્કરી આદાનપ્રદાન, દ્વિપક્ષીય કવાયતો, તાલીમ, સ્ટાફ વાટાઘાટો, ક્ષમતા નિર્માણ, દરિયાઈ સહયોગ અને ઉભરતા ક્ષેત્રો અંગે પણ ચર્ચા થઈ.

# SC - MOTOR COMPENSATION

સર્વોચ્ચ અદાલતે આજે મોટર અકસ્માતમાં મૃતક પીડિતો અથવા ઇજાગ્રસ્ત દાવેદારોની વાર્ષિક આવક આવકવેરા રિટર્નના આધારે કેવી રીતે નક્કી કરવી તે અંગે માર્ગદર્શિકા નક્કી કરી છે. મોટર અકસ્માત વળતરમાં એકરૂપતા લાવવાના હેતુથી એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સર્વોચ્ચ અદાલતે પગારદાર વ્યક્તિઓ માટે વાર્ષિક આવક દર્શાવવા માટે ફક્ત પાછલા વર્ષનું આવકવેરા રિટર્ન પૂરતું રહેશે તેવું ઠરાવ્યું હતું. જો કે, જ્યાં પ્રમોશન અથવા પગાર સુધારો અકસ્માતના થોડા સમય પહેલા થયો હતો અને નવીનતમ રિટર્નમાં સંપૂર્ણપણે પ્રતિબિંબિત થયો ન હતો, ત્યાં કોર્ટ પ્રમોશન પત્રો અને અન્ય સમર્થન નાણાકીય રેકોર્ડ્સ પર પણ વિચાર કરી શકે છે.

# T20 CRICKET - IND VS ENG

પુરુષ ક્રિકેટમાં, આજે ચેસ્ટર-લે-સ્ટ્રીટના રિવરસાઇડ ગ્રાઉન્ડ ખાતે 5 મેચની શ્રેણીની પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 10 વાગ્યે શરૂ થવાની છે. શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની ભારતીય ટીમ ગત શ્રેણીમાં આયર્લેન્ડ સામે 2-0થી મળેલા પરાજય બાદ પાછા ફરવાનો પ્રયાસ કરશે. બધાની નજર યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશી પર રહેશે.

# CRICKET-ICC RANKING

ભારતના વિકેટકીપર-બેટર ઇશાન કિશન ICC પ્લેયર રેન્કિંગમાં અભિષેક શર્માને પાછળ છોડી વિશ્વના નંબર વન T20 આંતરરાષ્ટ્રીય બેટ્સમેન બન્યા છે. બેલફાસ્ટમાં આયર્લૅન્ડ સામે ભારતની 2-0 T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની હાર બાદ, આજે જાહેર કરાયેલા નવા ICC રેન્કિંગ અપડેટ પછી, કિશનને કારકિર્દીનું શ્રેષ્ઠ રેટિંગ પ્રાપ્ત થયું. આ વર્ષની શરૂઆતમાં ICC T20 વર્લ્ડ કપમાં તેના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી તેમણે 200 ના સ્ટ્રાઇક રેટથી 317 રન બનાવ્યા હતા.

# AYODHYA - SIT EXTENSION

ઉત્તર પ્રદેશ સરકારે અયોધ્યાના રામ મંદિરના દાનમાં થયેલા ગેરરીતિના આરોપોની તપાસ કરી રહેલી વિશેષ તપાસ ટુકડી- SIT ને 15 દિવસ લંબાવી છે. SIT તેની તપાસનો વ્યાપ વધારવા અને કેસના તમામ પાસાઓની વ્યાપક તપાસ કરવા સક્ષમ બનાવવા માટે આ સમય લંબાવાયો છે. દરેક પાસાની સંપૂર્ણ તપાસ થાય અને કોઈ પણ દોષિત વ્યક્તિને બક્ષવામાં ન આવે તેની ખાતરી કરવા માટે તપાસનો વધુ વિસ્તાર કરાશે.

ઉલ્લેખનીય છે, રાજ્ય સરકારે 15 જૂને લખનૌના કમિશનર વિજય વિશ્વાસ પંતના નેતૃત્વમાં ગેરરીતિઓની તપાસ માટે ત્રણ સભ્યોની SITની રચના કરી છે.

# HIGH COMMISSIONER- IND MYS

કેન્દ્ર સરકારે સોમનાથ ઘોષને મલેશિયામાં ભારતના આગામી હાઇ કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. 1997 બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી શ્રી ઘોષ હાલમાં શિકાગોમાં ભારતના કોન્સ્યુલ જનરલ તરીકે સેવા આપી રહ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં આ કાર્યભાર સંભાળે તેવી શક્યતા છે.

# AMARNATH YATRA FIRST CONVOY

શ્રી અમરનાથજી યાત્રા માટે યાત્રાળુઓનો પહેલો જથ્થો જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પ પહોંચી ગયો છે અને આવતીકાલથી વાર્ષિક યાત્રા શરૂ કરવા માટે તૈયાર છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, યાત્રાળુઓ માટે વધારાની સુરક્ષા અને રહેવાની વ્યવસ્થા સહિતની તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી અમરનાથ શ્રીન બોર્ડના અધ્યક્ષ ઉપરાજ્યપાલ મનોજ સિંહા આવતીકાલે સવારે ચાર વાગ્યે પ્રથમ કાફલાને લીલી ઝંડી આપશે. 57 દિવસની આ યાત્રા 3 જુલાઈના રોજ કડક સુરક્ષા વચ્ચે નુનવાન-પહલગામ અને બાલતાલ રૂટ પરથી શરૂ થશે.